**ફોજદારી કેસ નં. : ૫૪૨/૨૦૧૫.**

**પેરા–૬:–**

આ કામનાં આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(૧) (બી) તથા ૮૫ (૧) (૩) તેમજ ગુજરાત પોલીસ ઍક્ટની કલમ–૧૧૦ તથા ૧૧૭ મુજબનાં ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાં છે, કૉર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ ***રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ ***ગુજરાત હાઈકૉર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**–: હુ ક મ :–**

૧. આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(૧) (બી) તથા ૮૫ (૧) (૩) તેમજ ગુજરાત પોલીસ ઍક્ટની કલમ–૧૧૦

તથા ૧૧૭ નાં ગુના માટે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

૨. આ કામનાં આરોપીને ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(૧) (બી) નાં ગુના સબબ કૉર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા એક સો પૂરા) લેખે દંડ કરવામાં આવે છે તથા ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૮૫ (૧) (૩) નાં ગુના સબબ કૉર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂપિયા ૧૫૦/– (અંકે રૂપિયા એક સો પચ્ચાસ પૂરા) લેખે દંડ કરવામાં આવે છે તેમજ ગુજરાત પોલીસ ઍક્ટની કલમ–૧૧૦ નાં ગુના સબબ કૉર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂપિયા ૫૦/– (અંકે રૂપિયા પચ્ચાસ પૂરા) લેખે દંડ કરવામાં આવે છે તેમજ ગુજરાત પોલીસ ઍક્ટની કલમ–૧૧૭ નાં ગુના સબબ કૉર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂપિયા ૫૦/– (અંકે રૂપિયા પચ્ચાસ પૂરા) લેખે દંડ કરવામાં આવે છે. જો આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે, તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ મેજિસ્ટ્રેટ તરીકેની સ્પેશીયલ સીટીંગમાં વાંચી–સંભળાવી, મારી સહીથી જાહેર કર્યો.

**તા.૧૦/૦૨/૨૦૧૮.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**